બૅંક ઑફ બડૌદા
Bank of Baroda

અમદાવાદ સીટી રીજીઅન-૨
પહેલો માળ, દેનાલક્ષ્મી ભવન, આશ્રમ રોડ, અમદાવાદ
ઈમેલ: Recovery.ahmedabad2@bankofbaroda.co.in

મશીનરી ઈ-હરાજી સૂચના (૩૦ દિવસીય)

મશીનરી ઈ-હરાજી માટેની વિગતવાર નિયમો અને શરતો

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે, દેવાદારો દ્વારા હસ્તાક્ષરિત 'હાયપોથેકેશન' કરાર અથવા લોન કરાર હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, બેંકે નીચે દર્શાવેલ મશીનરીનો કબજો મેળવી લીધો છે/જપ્ત કરી છે. નીચે જણાવેલ ખાતા(ઓ)માં બાકી નીકળતી રકમની વસૂલાત માટે, આ મશીનરીનું વેચાણ **"જેવી છે, જ્યાં છે"**, **"જેવી છે, તેવી જ"** અને **"જે કંઈ પણ છે તે"** - તે સ્થિતિમાં કરવામાં આવશે.

દેવાદાર(ઓ), મશીનરી, કુલ બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજીની તારીખ અને સમય, ઈએમડી અને બોલીમાં વધારાની રકમ અંગેની વિગતો નીચે મુજબ છે –

દેવાદાર/રો/જમીનદાર/રોનું નામ અને સરનામું	મિલકતોની વિગત	કુલ બાકી રકમ	રીઝર્વ કિંમત, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ	શાખા નામ અને સંપર્ક નં.
મે. વિરાટ એન્ટરપ્રાઇઝ રઘુવીર કોમ કો ઓપ સોસી લિમિટેડ, ઓઢવ રોડ, ક્વિક મેટલ કોમ્પ પાસે, ઓઢવ-૩૮૨૪૧૫, અમદાવાદ	૧. સીએનસી ટર્નિંગ મશીન ડીએક્સ ૧૫૦ ૨. લેથ મશીન ૮ ફુટ	**રૂા. ૩૧,૮૧,૬૦૭.૭૧ (રૂપિયા એકત્રીસ લાખ એકચ્યાસી હજાર છસો સાત અને ઈક્કોતેર પૈસા પુરા)** વત્તા વ્યાજ અને ચાર્જીસ બાદ વસૂલાત (જો કોઈ હોય તો)	**રીઝર્વ કિંમત :** **રૂા. ૪૬,૫૩,૦૦૦/-** **ઈએમડી :** **રૂા. ૪,૬૫,૩૦૦/-** **બીડ વૃદ્ધિ રકમ :** **રૂા. ૨૫,૦૦૦/-**	**કૈલાશનગર બાપુનગર શાખા** **૯૧૭૩૯૫૬૭૩૭**
મે. હિમ્મતવાલા ઈન્ડસ્ટ્રીયલ હબ શેડ નં. ૧૪, હરસિધ્ધ એસ્ટેટ, વિક્રમ પાર્ક રોડ, ટીબી નગર, અમદાવાદ-૩૮૨૩૫૦	૧. લેથ મશીન ૮ ફુટ ૨. મિડીયમ સાઈઝ પિલ્લર ડ્રીલ મશીન ૩. લાર્ઝ સાઈઝ પિલ્લર ડ્રીલ મશીન	**રૂા. ૩૭,૬૫,૧૮૫.૨૮ (રૂપિયા સાડત્રીસ લાખ પાસઠ હજાર એકસો પંચ્યાસી અને અઠ્યાવીસ પૈસા પુરા)** વત્તા વ્યાજ અને ચાર્જીસ બાદ વસૂલાત (જો કોઈ હોય તો)	**રીઝર્વ કિંમત :** **રૂા. ૧૦,૫૦,૦૦૦/-** **ઈએમડી :** **રૂા. ૧,૦૫,૦૦૦/-** **બીડ વૃદ્ધિ રકમ :** **રૂા. ૨૫,૦૦૦/-**	**કૈલાશનગર બાપુનગર શાખા** **૯૧૭૩૯૫૬૭૩૭**
મે. બ્રહ્માણી એન્ટરપ્રાઇઝ શેડ નં. ૬, અનમોલ આર્કેડ, એનકે ૧ સામે, બાકરોલ ભુજરંગ, અમદાવાદ-૩૮૨૨૧૦	૧. સિંગલ એમ્બોસ્ડ, સિંગલ લેયર ૨૫*૨૫ ટિશ્યુ પેપર પ્રિન્ટિંગ મશીન ૨. સિંગલ એમ્બોસ્ડ, સિંગલ લેયર ૩૦*૩૦ ટિશ્યુ પેપર પ્રિન્ટિંગ મશીન ૩. વેટ ટિશ્યુ પેપર (ભીના ટિશ્યુ પેપર) બનાવવાનું મશીન ૪. ૧૦.૫ માઇક્રોન એલ્યુમિનિયમ ફોઇલ મશીન	**રૂા. ૩૯,૧૨,૦૯૮.૮૨ (રૂપિયા ઓગણચાલીસ લાખ બાર હજાર અઠ્ઠાણુ અને બ્યાસી પૈસા પુરા)** વત્તા વ્યાજ અને ચાર્જીસ બાદ વસૂલાત (જો કોઈ હોય તો)	**રીઝર્વ કિંમત :** **રૂા. ૧૪,૫૧,૦૦૦/-** **ઈએમડી :** **રૂા. ૧,૪૫,૧૦૦/-** **બીડ વૃદ્ધિ રકમ :** **રૂા. ૨૫,૦૦૦/-**	**કૈલાશનગર બાપુનગર શાખા** **૯૧૭૩૯૫૬૭૩૭**
મે. વીપી સ્ટીલ એન્ડ ફેબ્રીકેશન બીજો માળ, એ ૨૦૪, દિવ્યા રેસીડેન્સી, મોહનલાલ ચાર રસ્તા પાસે, વિરાટનગર રોડ, નિકોલ, અમદાવાદ-૩૮૨૪૧૫	૧. પાવર પ્રેસ ૨૦ ટન	**રૂા. ૪૧,૪૦,૫૯૦.૦૦ (રૂપિયા એકતાલીસ લાખ ચાલીસ હજાર પાનસો નેવુ પુરા)** વત્તા વ્યાજ અને ચાર્જીસ બાદ વસૂલાત (જો કોઈ હોય તો)	**રીઝર્વ કિંમત :** **રૂા. ૫,૨૩,૦૦૦/-** **ઈએમડી :** **રૂા. ૫૨,૩૦૦/-** **બીડ વૃદ્ધિ રકમ :** **રૂા. ૨૫,૦૦૦/-**	**કૈલાશનગર બાપુનગર શાખા** **૯૧૭૩૯૫૬૭૩૭**
મે. દેવશ્રી સ્ટીલ સી-૨, ખોડિયાર રેસીડેન્સી, જીવન ટ્વીન બંગલો પાસે, નિકોલ ગામ રોડ, અમદાવાદ-૩૮૨૩૫૦	૧. સર્વો મેટ્રો બેઝ ઓટોમેટીક એક્સિસ સીએનસી વાયર બેન્ડીંગ મશીન ૨. વાયર ડી કોઈલીંગ યુનિટ ૩. ૧૫ કેવીએ હેવી ડિયુટી સ્પોટ વેલ્ડીંગ મશીન કેપેસીટી : ૧૫ કેવીએસી	**રૂા. ૩૩,૩૩,૩૩૩.૬૦ (રૂપિયા તેત્રીસ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ અને સાઈઠ પૈસા પુરા)** વત્તા વ્યાજ અને ચાર્જીસ બાદ વસૂલાત (જો કોઈ હોય તો)	**રીઝર્વ કિંમત :** **રૂા. ૮,૫૩,૦૦૦/-** **ઈએમડી :** **રૂા. ૮૫,૩૦૦/-** **બીડ વૃદ્ધિ રકમ :** **રૂા. ૨૫,૦૦૦/-**	**રીલીફ રોડ શાખા** **૯૯૭૮૪૮૮૬૮૫**
મે. કેશર ભવાની સ્ટીલ શેડ નં. ૩૩, યમુના ઈન્ડ એસ્ટેટ, નીયો પ્લાસ્ટ સામે, એનટી ટેલી ગોડાઉન, જીઆઈડીસી, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫	૧. ડબલ કોલમ બેંડ સો એમ/સી ફુલ્લી ઓટોમેટીક બીડીસી ૩૦૦ એ ૨. *લોંગ રોલર ટેબલ, બંડલ કટીંગ એટેચમેન્ટ	**રૂા. ૧૫,૧૮,૫૨૦.૦૦ (રૂપિયા પંદર લાખ અઢાર હજાર પાનસો વીસ પુરા)** વત્તા વ્યાજ અને ચાર્જીસ બાદ વસૂલાત (જો કોઈ હોય તો)	**રીઝર્વ કિંમત :** **રૂા. ૧૫,૫૨,૦૦૦/-** **ઈએમડી :** **રૂા. ૧,૫૫,૨૦૦/-** **બીડ વૃદ્ધિ રકમ :** **રૂા. ૨૫,૦૦૦/-**	**ઓઢવ શાખા** **૯૯૭૮૪૪૬૫૪૦**

મશીનરીનું સરનામું: ગઢવી વેરહાઉસિંગ કોર્પોરેશન, પીરાણા મંદિર પાસે, મિરોલી રોડ, ગામ: ગિરમ્થા, અમદાવાદ – ૩૮૨૪૨૫, ગુજરાત

ઈ-હરાજીની તારીખ: ૧૧.૧૨.૨૦૨૬ અને ઈ-હરાજીનો સમય : બપોરના ૨:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી (૧૦ મિનિટના અમર્યાદિત વધારા સાથે), મશીનરી/જંગમ એસેટ નિરીક્ષણની તારીખ : ૧૦.૧૨.૨૦૨૬, સમય : સવારના ૧૧:૦૦ થી બપોરના ૨:૦૦ વાગ્યા સુધી (અગાઉથી એપોઇન્ટમેન્ટ લઈને)

હરાજીના નિયમો અને શરતો નીચે મુજબ રહેશે:

બોલી લગાવનારાઓએ હરાજીની તારીખના એક દિવસ પહેલા, **૧૧.૧૨.૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યા** સુધીમાં ૧૦% સિક્યોરિટી ડિપોઝિટ (અનામત રકમ) જમા કરાવવી આવશ્યક છે. હરાજી પૂર્ણ થયા બાદ, સૌથી વધુ બોલી લગાવનારે (બેંક દ્વારા સ્વીકૃતિને આધીન) બોલીની રકમના ૨૫% તરત જ અથવા વધુમાં વધુ ૨૪ કલાકની અંદર જમા કરાવવાના રહેશે. કબજો મેળવવા માટે, બાકીની રકમ હરાજીની તારીખથી ૧૫ દિવસની અંદર શાખામાં જમા કરાવવી જરૂરી છે. જો નિર્ધારિત સમયમર્યાદામાં રકમ જમા કરાવવામાં નિષ્ફળ જવાય, તો અગાઉ જમા કરાવેલી રકમ જપ્ત કરવામાં આવશે.

હરાજીમાં મૂકવામાં આવેલી મશીનરી સાથે સંકળાયેલા તમામ શુલ્ક, કર, અથવા અન્ય જવાબદારીઓ (જો કોઈ હોય તો) માટે ખરીદનાર જવાબદાર રહેશે; આ બાબતો માટે બેંક/સુરક્ષિત લેણદાર જવાબદાર રહેશે નહીં. હરાજીમાં મૂકવામાં આવેલી બીડ સ્વીકારવી કે નકારી કાઢવી તેનો અધિકાર બેંક પાસે રહેશે. આ હરાજી નિર્ધારિત જાહેર ઈ-હરાજી વેબસાઇટ (ઓક્શન પોર્ટલ) **https://BAANKNET.COM** દ્વારા યોજવામાં આવશે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે **https://bankofbaroda.bank.in/e-auction** અને **https://baanknet.com** માં આપેલ લિંક જોવા વિનંતી છે. **પ્રસ્તાવિત બિડર્સ અધિકૃત અધિકારી : શ્રી મનોજ કુમાર ગુપ્તા, મો. ૯૦૨૪૩૩૮૦૪૨ નો સંપર્ક પણ કરી શકે છે. (જંગમ/સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી કાયદા પ્રમાણે લાગુ પડતું જીએસટી/ટીડીએસ ખરીદનારે ચૂકવવા પાત્ર છે.)**

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૭.૧૧.૨૦૨૬

સહી/- અધિકૃત અધિકારી
બેંક ઓફ બરોડા

શરતો અને નિયમો :

૧. ઓનલાઇન ઈ-હરાજી ઉપર દર્શાવેલ તારીખ અને સમયે **https://baanknet.com** હરાજી પોર્ટલ પર યોજાશે. અંતિમ ૧૦ મિનિટમાં બોલી મળ્યે હરાજીનો સમય વધુ ૧૦ મિનિટ માટે અમર્યાદિત વખત લંબાવી શકાશે. ઇચ્છુક બોલીદારો/ખરીદદારોએ પોતાના મોબાઇલ નંબર અને માન્ય ઈ-મેલ આઈડીનો ઉપયોગ કરીને **https://baanknet.com** પર નોંધણી કરાવવી જરૂરી છે (ખરીદદાર નોંધણીની લિંક વેબસાઇટના મુખ્ય પૃષ્ઠ પર આપવામાં આવી છે). ઇચ્છુક બીડર્સ/ખરીદદારોએ KYC દસ્તાવેજો તથા બેંકની વિગતો પણ અપલોડ કરવી જરૂરી છે. નોંધણી અને અન્ય પ્રક્રિયા માટે હરાજી પોર્ટલના મુખ્ય પૃષ્ઠ પર ઉપલબ્ધ "Bidder User Manual"નું માર્ગદર્શન લઈ શકાય છે.

૨. KYC ચકાસણી – નોંધણી પૂર્ણ થયા પછી ઇચ્છુક બીડર્સ/ખરીદદારોએ KYC દસ્તાવેજો, બેંક ખાતાની વિગતો અને અધિકૃતતા પત્ર (સંયુક્ત બીડર્સના કિસ્સામાં) અપલોડ કરવાના રહેશે. નોંધણી તથા દસ્તાવેજો અપલોડ કરવાની તમામ પ્રક્રિયા પૂરતા સમય પહેલાં પૂર્ણ કરવી.

૩. EMDની ચુકવણી – KYC ચકાસણી પૂર્ણ થયા પછી ઇચ્છુક બીડર્સ/ખરીદદારો લોગિન કરીને બાનાની રકમ (EMD) ચૂકવી શકશે. EMD ચુકવણી માટે બીડર્સ/ખરીદદાર તરીકે લોગિન થયા પછી ઉપલબ્ધ "Bidder User Manual"નું માર્ગદર્શન લઈ શકાય છે. પેમેન્ટ ગેટવે મારફતે અથવા ચલણ બનાવીને રકમ ઈ-વોલેટમાં જમા કરીને ચુકવણી કરી શકાય છે. નિર્ધારિત સમયમર્યાદા પહેલાં પૂરતા સમયથી ચુકવણી થઈ જાય તેની ખાતરી કરવી. ખરીદદારના ઈ-વોલેટમાં જરૂરી EMD રકમ ઉપલબ્ધ નહીં હોય તો તેને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. ઇચ્છુક બોલીદાર ઈ-હરાજીની બોલી પ્રક્રિયા બંધ થાય તે પહેલાં **https://baanknet.com (BAANKNET Auction portal)** પર પોતાના ઈ-વોલેટમાં પૂર્વ-બોલી EMD જમા કરી શકે છે. જમા કરાવેલી બાનાની રકમ પર કોઈ વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં. કોઈ બોલી ન લગાવનાર બોલીદારની EMD હરાજીનો સમય પૂરો થતાં જ આપમેળે તેના ઈ-વોલેટમાં પરત જમા થશે. બોલી લગાવનાર અસફળ બીડર્સની EMD અધિકૃત અધિકારી દ્વારા સર્વોચ્ચ બોલી સ્વીકારાયા પછી આપમેળે તેના ઈ-વોલેટમાં પરત જમા થશે. જોકે, ઈ-વોલેટમાંથી કોઈ પણ રકમ પરત મેળવવા માટે વપરાશકર્તા/બીડર્સે **https://baanknet.com** પર લોગિન કરી "Bidder User Manual"માં દર્શાવિલી "Withdraw" પ્રક્રિયા અનુસરીને ઈ-હરાજી સેવા પ્રદાતા સમક્ષ ઓનલાઇન રિફંડની વિનંતી કરવી પડશે. ઓનલાઇન વિનંતી કર્યા પછી જ સેવા પ્રદાતા દ્વારા રકમ પરત કરવામાં આવશે. અસફળ બોલીદારોને EMD રકમ વ્યાજ વગર પરત મળશે.

૪. બોલી લગાવતી વખતે બોલીદારે બીડર વેબસાઇટ પરની ચાદીમાંથી જે મિલકત/મશીનરી માટે પ્રસ્તાવ રજૂ કરવો હોય તે પસંદ કરવી અથવા સીધી પ્રોપર્ટી આઈડી દાખલ કરવી.

સહાય કેન્દ્ર –

- પૂછપરછ માટે સંપર્ક નંબર: ૮૨૯૧૨૨૦૨૨૦ અને ઈ-મેઇલ: **support.BAANKNET@psballiance.com**
- નોંધણી, લોગિન અને બોલીના નિયમો માટે **https://baanknet.com** ના મુખ્ય પૃષ્ઠ પર આપેલી "Bidder User Manual" લિંક જુઓ.
- હરાજીની મિલકત સંબંધિત પ્રશ્નો માટે બાડરો છેલ્લા ફકરામાં દર્શાવિલી સંપર્ક વિગતો પર બેંકના અધિકારીઓનો સંપર્ક કરી શકે છે.

પ્રક્રિયાના તબક્કાઓ –

- મોબાઇલ નંબર અને ઈ-મેઇલ આઈડીની મદદથી **https://baanknet.com** પર નોંધણી કરાવો.
- જરૂરી KYC દસ્તાવેજો અપલોડ કરો.
- પેમેન્ટ ગેટવે દ્વારા EMD ચૂકવો અથવા ચલણ બનાવી EMD રકમ બોલીદારના EMD ઈ-વોલેટમાં ટ્રાન્સફર કરો.
- બોલીદારના ઈ-વોલેટમાં EMD રકમ દેખાય ત્યારબાદ સંબંધિત મિલકતના "Participate" વિકલ્પ પર ક્લિક કરીને હરાજીમાં ભાગ લો.
- નિર્ધારિત હરાજીની તારીખ અને સમયે ઓનલાઇન પદ્ધતિથી બોલી રજૂ કરવી.
- બોલી સફળ થાય તો સફળ બોલીદારે નીચે દર્શાવિલી શરતો મુજબ બાકી બોલી રકમ ચૂકવવી.

૫. રજૂ કરવાની પ્રારંભિક બોલી અનામત કિંમત કરતાં ઓછામાં ઓછી એક નિર્ધારિત વધારાની રકમ જેટલી વધુ હોવી જોઈએ. ઈ-હરાજી દરમિયાન બોલીદારો અગાઉની સર્વોચ્ચ બોલી કરતાં વધુ બોલી લગાવી શકશે; તે વધારો કોષ્ટકમાં દર્શાવેલી લઘુત્તમ બોલી વધારાની રકમ અનુસાર હોવો જોઈએ. અધિકૃત અધિકારીએ નક્કી કરેલી અનામત કિંમત કરતાં ઓછી કિંમતે મિલકત વેચવામાં આવશે નહીં અને તેનાથી ઓછી બોલી રદ કરવામાં આવશે. બોલીદારો જાહેર વેચાણ નોટિસ/વેચાણની શરતોમાં દર્શાવિલી વધારાની રકમના ગુણાંકમાં બોલી વધારી શકે છે. છેલ્લી ૧૦ મિનિટમાં નવી બોલી મળે તો હરાજીનો સમય વધુ ૧૦ મિનિટ માટે અમર્યાદિત વખત લંબાશે. બોલીદારોને ક્રમશઃ વધુ બોલી લગાવવા ૧૦ મિનિટ આપવામાં આવશે. છેલ્લી સર્વોચ્ચ બોલી પછી ૧૦ મિનિટ સુધી કોઈ વધુ બોલી ન મળે તો ઈ-હરાજી બંધ થશે અને અધિકૃત અધિકારીની મંજૂરી મળ્યે છેલ્લો સર્વોચ્ચ બોલીદાર સફળ બોલીદાર ગણાશે.

૬. ઇન્ટરનેટ નેટવર્કની સમસ્યા, વીજ પુરવઠો ખોરવાયું અથવા અન્ય કોઈ ટેકનિકલ ખામી/નિષ્ફળતા માટે બેંક કે BAANKNET જવાબદાર રહેશે નહીં. આવી પરિસ્થિતિઓ ટાળવા ઇચ્છુક બોલીદારોને ઈ-હરાજીમાં સફળતાપૂર્વક ભાગ લેવા જરૂરી ટેકનિકલ સગવડો, પૂરતો પાવર બેકઅપ વગેરેની વ્યવસ્થા રાખવા વિનંતી કરવામાં આવે છે.

૭. ઇચ્છુક બીડરને વેચાણ નોટિસ, ઈ-હરાજીની શરતો અને નિયમો તેમજ ઈ-હરાજી ચલાવવાની પ્રક્રિયા અંગેની "Bidder User Manual" ધ્યાનપૂર્વક વાંચીને તેનું કડક પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.

૮. દરેક મશીનરી માટે તેની વિગતો દર્શાવીને અલગ EMD તથા અલગ બોલી રજૂ કરવાની રહેશે.

૯. અધિકૃત અધિકારી દ્વારા ઈ-હરાજીની પ્રક્રિયા અંતિમ કરવામાં આવ્યા પછી સફળ બોલીદાર (H1 બીડર)ને ઉપર દર્શાવિલ હરાજી સેવા પ્રદાતા દ્વારા તેની પાસે નોંધાયેલા ઈ-મેઇલ સરનામે જાણ કરવામાં આવશે.

૧૦. સફળ હરાજી ખરીદદાર/બીડરે હરાજી અંતિમ/પૂર્ણ થતાં તરત જ, એટલે કે તે જ દિવસે અથવા વધુમાં વધુ તેના પછીના કાર્યકારી દિવસે, બોલીની કુલ રકમના ૨૫% (પચ્ચીસ ટકા) જેટલી રકમ જમા કરાવવાની રહેશે. અગાઉ જમા કરાવેલી EMD રકમ આ ૨૫%માં સામેલ ગણાશે.

૧૧. સફળ હરાજી ખરીદદાર/બોલીદારે બોલી/ખરીદી કિંમતની બાકી રકમ હરાજીની તારીખથી પંદર દિવસની અંદર અથવા ખરીદદાર અને બેંક વચ્ચે લેખિતમાં સંમત થયેલી વધારાની મુદતની અંદર જમા કરાવવાની રહેશે; પરંતુ કોઈ પણ સંજોગોમાં આ મુદત ત્રણ મહિનાથી વધુ નહીં હોય. નિર્ધારિત સમયમાં ઉપર મુજબની રકમ જમા કરવામાં નિષ્ફળતા થાય તો સફળ બોલીદારે જમા કરાવેલી રકમ બેંક દ્વારા જપ્ત કરવામાં આવશે. બેંકને મશીનરીની નવેસરથી હરાજી/વેચાણ કરવાનો અધિકાર રહેશે અને ચુકવણીમાં નિષ્ફળ ગયેલો બોલીદાર જપ્ત રકમ કે મશીનરી અંગે કોઈ દાવો કરી શકશે નહીં.

૧૨. ચુકવણીમાં નિષ્ફળતા: ઉપર દર્શાવ્યા મુજબ બોલી રકમના ૨૫%માંથી ઈસ્ક્રુ બાદની રકમ તે જ દિવસે અથવા આગળના કાર્યકારી દિવસે અને/અથવા બાકી ૭૫% બોલી રકમ નિર્ધારિત સમયમર્યાદામાં ન ચૂકવવામાં આવે તો કોઈ નોટિસ આપ્યા વિના વેચાણ આપમેળે રદ ગણાશે. સફળ બોલીદારે ચૂકવેલી EMD તથા અન્ય તમામ રકમ અધિકૃત અધિકારી દ્વારા બેંકના હિતમાં જપ્ત કરવામાં આવશે.

૧૩. સફળ બોલીદારે લાગુ કાયદાઓ મુજબ GST તથા અન્ય કોઈ લાગુ કર, ચાર્જ, ફી, ચૂકવવાપાત્ર વીમો વગેરે ભરવાના રહેશે. સફળ હરાજી ખરીદદાર/બોલીદારે વેચાણની રકમ ઉપરાંત લાગુ પડતો વસ્તુ અને સેવા કર (GST) બેંકને ચૂકવવાનો રહેશે.

૧૪. વેચાણ પ્રમાણપત્રમાં બોલીમાં દર્શાવિલ નામો સિવાય અન્ય કોઈ નામ ઉમેરવા અથવા નામ બદલવાની વિનંતી સ્વીકારવામાં આવશે નહીં. વેચાણ પ્રમાણપત્ર માત્ર સફળ બોલીદારના નામે જ આપવામાં આવશે.

૧૫. બોલીની સંપૂર્ણ રકમ પ્રાપ્ત થયા પછી બેંક નિર્ધારિત નમૂનામાં વેચાણ પ્રમાણપત્ર આપશે અને હરાજી ખરીદદારને મશીનરીનો વાસ્તવિક કબજો આપવામાં આવશે.

૧૬. ઈ-હરાજી વેચાણની કાર્યવાહી પૂર્ણ થયા પછી અસફળ બોલીદારની EMD સંબંધિત BAANKNET પોર્ટલના ઈ-વોલેટમાં RTGS/NEFT મારફતે કોઈ વ્યાજ વગર પરત કરવામાં આવશે.

૧૭. અધિકૃત અધિકારી/બેંકને કોઈ પણ બોલી સ્વીકારવા અથવા નકારવા, વેચાણ મુલતવી રાખવા/આગળ ધકેલવા/રદ કરવા અથવા વેચાણની કોઈ પણ શરત કે નિયમ બદલવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. આ માટે અગાઉથી નોટિસ આપવાની કે કોઈ કારણ જણાવવાની જરૂર રહેશે નહીં. અગાઉનો બોલીદાર પોતાની જવાબદારી પૂર્ણ ન કરે તો ત્યાર પછીની સર્વોચ્ચ બોલી લગાવનારને જવાબદારી પૂર્ણ કરવા બોલાવવાનો અધિકાર પણ તેમાં સામેલ છે.

૧૮. કોઈ અદાલત/ટ્રિબ્યુનલ દ્વારા વેચાણ પ્રમાણપત્ર જારી કરવા સામે આપવામાં આવેલ સ્થગન આદેશ/મનાઈહુકમ/પ્રતિબંધક આદેશ અમલમાં હોય ત્યાં સુધી વેચાણ પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં. આ સમયગાળા દરમિયાન જમા કરાવેલી રકમ પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં. વેચાણ પ્રમાણપત્ર તૈયાર/જારી થવાનું બાકી હોય ત્યાં સુધી સફળ બોલીદારે જમા કરાવેલી રકમ વ્યાજ ન મળતા થાપણ ખાતામાં રાખવામાં આવશે. જમા રકમ સંપૂર્ણ કે આંશિક પરત આપવા અથવા વેચાણ રદ કરવાની કોઈ વિનંતી સ્વીકારવામાં આવશે નહીં. અદાલત/ટ્રિબ્યુનલ દ્વારા આગળની કાર્યવાહી પર સ્થગન આપવામાં આવે તો હરાજી મુલતવી રાખી અથવા રદ કરી શકાશે અને હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ આવા મુલતવીકરણ અથવા રદબાતલ બદલ અધિકૃત અધિકારી/બેંક સામે નુકસાન, વળતર કે ખર્ચનો કોઈ દાવો કરી શકશે નહીં.

૧૯. બેંક કોઈ પણ કારણ આપ્યા વિના પ્રસ્તાવ સ્વીકારવાનો અથવા નકારવાનો, શરતો અને નિયમો બદલવાનો અથવા વેચાણ મુલતવી રાખવાનો કે રદ કરવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે **https://bankofbaroda.bank.in/e-auction** અને **https://baanknet.com** માં આપેલ લિંક જોવા વિનંતી છે. પ્રસ્તાવિત બિડર્સ **અધિકૃત અધિકારી : શ્રી મનોજ કુમાર ગુપ્તા, મો. ૯૦૨૪૩૩૮૦૪૨ નો** સંપર્ક પણ કરી શકે છે. **(જંગમ/સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી કાયદા પ્રમાણે લાગુ પડતું જીએસટી/ટીડીએસ ખરીદનારે ચૂકવવા પાત્ર છે.)**